રસવંતા ને શુદ્ધ જીવનમાં, જ્ઞાનદીપ પ્રગટાવું, પ્રભુવર તારા પરની શ્રદ્ધા પ્રતિપળ ઉજ્જ્વળ રાખું

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૧૭ | ૧૬ ઓક્ટોબર, ૨૦૨૦, શુક્રવાર; અ. આસો વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૧૮૫ |
| અમદાવાદ | ૧૮૬ |
| ગાંધીનગર | ૩૪ |

# શેરબજારમાં કડાકો, ૩.૩ લાખ કરોડ ડૂબ્યા

### લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ ઘટની ૧૫૭.૨૨ લાખ કરોડ થઈ, સેન્સેક્સ ૧૦૬૬ અને નિફ્ટી ૨૯૦ પોઈન્ટ તૂટ્યો : એશિયન પેઇન્ટ્સ ગ્રીનઝોનમાં

નવી દિલ્હી, તા. ૧૫

લગભગ ૨૦ દિવસ બાદ શેરબજારમાં આજે તીવ્ર ઘટાડો નોંધાયો છે. ૪૧ હજાર તરફ ઝડપથી વધી રહેલો સેન્સેક્સ ૩૯૭૦૦ ની સપાટી પર આવી ગયો છે. નિફ્ટી પણ ૧૧૬૬૦ની સપાટીએ પહોંચી ગયો છે. તે ૩૦૦ પોઈન્ટની નજીક ગિરાવટ આવી. સેન્સેક્સ ૧૦૬૬ પોઈન્ટ તૂટીને ૩૯૭૨૮ અને નિફ્ટી ૨૯૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૧૬૮૦ પર બંધ થયો છે. અહેવાલો મુજબ, રોકાણકારોના ૩.૩ લાખ કરોડ રૂપિયા આજે ડૂબી ગયા. બીએસઈ લિસ્ટેડ



કંપનીઓની માર્કેટ કેપ ઘટીને ૧૫૭.૨૨ લાખ કરોડ થઈ ગઈ છે. સેન્સેક્સના ૩૦માં ફક્ત એક જ એશિયન પેઈન્ટના શેર ગ્રીન ઝોનમાં બંધ થયા છે. સૌથી વધુ નુકસાન બજાજ ફાઈનાન્સિયલ સર્વિસીસ, ટેક મહિન્દ્રા અને ઈન્ડસઈન્ડ બેંકને થયું હતું. તેમના શેરમાં ૪ ટકા અને તેથી વધુ ઘટાડો થયો છે. યુ.એસ. દ્વારા ટૂંક સમયમાં જ અન્ય રાહત પેકેજની જાહેરાત કરવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી. જો કે, આ સંભાવનાઓ પર પાણી ફરી વળ્યું છે, જેના કારણે


● અનુસંધાન પાના - ૭ પર

# યુરોપમાં કોરોના મહામારી વકરી, પુનઃ લોકડાઉનની નોબત

### ફ્રાંસમાં કોરોના વાયરસની બીજી લહેર શરૂ : હેલ્થ ઈમરજન્સીથી સંક્રમણથી બચી શકાય અને ઓછામાં ઓછા લોકોને આ સંક્રમણથી સંક્રમિત થતા રોકી શકાશે

ફ્રાંસ,તા.૧૫

દુનિયાના અનેક દેશોમાં કોરોના વાયરસ સંક્રમણ પ્રકોપ અનેક લોકોની મૃત્યુનું કારણ બની રહ્યો છે. પણ કેટલાક દેશ તેવા પણ છે જ્યાં હવે કોરોના વાયરસ સંક્રમણની બીજી લહેર ચાલી રહી છે. આ સ્થિતિને જોતા ફ્રાંસને મોટી જાહેરાત કરી છે. ફ્રાંસ સરકારે દેશમાં હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. ફ્રાંસમાં બીજી વાર હેલ્થ ઈમરજન્સી લગાવવામાં આવી છે. જેથી કોરોના વાયરસ સંક્રમણથી બચી શકાય. અને ઓછામાં ઓછા લોકોને આ સંક્રમણથી સંક્રમિત થતા રોકી શકાય. પ્રાપ્ત જાણકારી મુજબ હેલ્થ ઈમરજન્સીથી ફ્રાંસ સરકારને કોરોના વાયરસથી લડવા માટે સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તર પર મોટા પગલા ઉઠાવવાના અધિકાર મળશે. ફ્રાંસે આ પહેલા કોરોના વાયરસથી બચવા માટે માર્ચમાં ઈમરજન્સી લગાવી હતી. આ હેઠળ સરકારે કોરોના સંક્રમણની વિરુદ્ધ લોકો પર અનેક પ્રતિબંધો મૂક્યા હતા. અને સરકારે લોકોને ઘરે જ રહેવાની સલાહ આપી હતી. જો કે ૧૦ જુલાઈને તેને બંધ કરવામાં આવી હતી. ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રાંએ બુધવારે એક ટીવી ઈન્ટરવ્યૂમાં હેલ્થ ઈમરજન્સીની હેઠળ દેશમાં મોટા પ્રતિબંધો મૂકવાની જાહેરાત કરી હતી. મોટા ભાગના લોકોનું માનવું હતું કે પેરિસ અને અન્ય તેવી જગ્યાઓ પર રાતે કર્ફ્યૂ લગાવાની પણ જાહેરાત કરી શકે છે. કોરોના વાયરસનું સંક્રમણ વધતા રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મૈક્રાંએ કહ્યું કે અમારે પગલાં ઉઠાવવા પડશે.



# મુંબઈમાં જળબંબાકાર, રેડ અલર્ટ

મુંબઈ,તા.૧૫

તેલંગાણાના પાટનગર હૈદરાબાદમાં બુધવારે ભારે વરસાદના કારણે ઊભી થયેલી પૂર જેવી પરિસ્થિતિના વીડિયો અને તસવીરો સામે આવી હતી. બુધવારે તેલંગાણા, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં વરસાદના કારણે બનેલી અલગ-અલગ ઘટનાઓમાં ૩૧ લોકોનાં મોત થયા છે. તેલંગાણાની સાથે જ હવે મહારાષ્ટ્રના અનેક હિસ્સાઓમાં વરસાદે કહેર ફેલાવાનું શરૂ કરી દીધું છે. મુંબઈ અને પુણેમાં બુધવારની આખી રાત વરસાદ પડ્યો. ગુરુવારે મુંબઈ સહિત અન્ય શહેરો માટે રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુંબઈમાં બુધવાર રાત્રે પડેલા ભારે વરસાદને કારણે સાયન પોલીસ સ્ટેશન અને કિંગ્સ સર્કલની પાસે રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા. તેની સાથે જ મુંબઈના ભાયખલા, હિન્દમાતા, કુર્લા સહિતના અનેક વિસ્તારોમાં પણ રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે. હવામાન વિભાગે આજે મુંબઈમાં ભારે વરસાદનું અલર્ટ જાહેર કર્યું છે. બુધવારથી મહારાષ્ટ્રના મુંબઈ અને થાણે સહિત બીજા વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ ગયો છે. ગુરૂવારે ઉત્તર કોંકણની સાથે મુંબઈ અને થાણે માટે રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે આશંકા વ્યક્ત કરી છે કે કોંકણ અને ગોવાના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. કર્ણાટકના દરિયાકાંઠાના અનેક વિસ્તારોમાં પણ ભારે વરસાદની આગાહી છે. મધ્ય મહારાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે સિસ્ટમ સેન્ટરની આસપાસ અને મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને તેની નજીકના ઉત્તર કર્ણાટકમાં આગામી ૧૨ કલાક દરમિયાન પવન ૩૦-૪૦ કિમી

● અનુસંધાન પાના - ૭ પર

# એનસીપીના નેતા સંજય શિંદે કારમાં જીવતા ભૂંજાઈ ગયા

### શિંદે મુંબઈ-આગ્રા હાઈવે ઉપર જઈ રહ્યા હતા તે વખતે પિપલગાંવ બસવંત ટોલ પ્લાઝા પાસે કાર શોર્ટ સર્કિટ થઈ

નાસિક,તા.૧૫

મહારાષ્ટ્રના નાસિકમાં એક દર્દનાક ઘટના સામે આવી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી નેતા સંજય



શિંદેની ગાડીમાં આગ લાગી અને આ ઘટના સમયે તેઓ ગાડીની અંદર જ હોવાથી જીવતા ભૂંજાઈ ગયા અને મૃત્યુ થયું છે. કહેવાય છે કે એનસીપી નેતા સંજય શિંદે મુંબઈ-આગ્રા હાઈવે પર જઈ રહ્યા હતાં તે વખતે પિપલગાંવ બસવંત ટોલ પ્લાઝા પાસે તેમની કારમાં શોર્ટ સર્કિટ થયું અને આગ ભભૂકી ઊઠી. કહેવાય છે કે સંજય શિંદે નાસિક જિલ્લાના એક દ્રાક્ષ નિકાસકાર હતા. પોલીસના જણાવ્યાં મુજબ આ ઘટના મંગળવારે બપોરે પિંપલગાંવ બસવંત ટોલ પ્લાઝા પાસે ઘટી. શિંદે ત્યારે કીટનાશક ખરીદવા માટે પિંપલગાવ જઈ રહ્યા હતાં. પોલીસે જણાવ્યું કે વાયરિંગમાં શોટ સર્કિટ થવાથી તેમની કારમાં આગ લાગી ગઈ. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, "આગ લાગ્યા બાદ સંજય શિંદેએ કાર રોકીને બહાર નીકળવાની કોશિશ કરી પરંતુ તેઓ સફળ થઈ શક્યા નહીં. કારણ કે કારના દરવાજા લોક થઈ ગયા હતાં. ત્યારબાદ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું અને તેમનું મૃત્યુ થયું." અધિકારીએ એમ પણ જણાવ્યું કે "અમને કારની અંદરથી હેન્ડ સેનિટાઈઝરની એક બોટલ પણ મળી આવી છે અને અમને શક છે કે કદાચ આ કારણથી જ આગ ઝડપથી ફેલાઈ ગઈ હશે. કારણ કે તે એક જ્વલનશીલ પદાર્થ છે.

# BARCએ ૧૨ સપ્તાહ માટે રેટિંગ્સ પર રોક લગાવી દીધી

### ટીઆરપી સાથે છેડછાડનો વિવાદમાં આકરું પગલું : પોલીસે આ કેસમાં પાંચની ધરપકડ કરી છે અને તપાસ ચાલુ છે ત્યારે રેટિંગ એજન્સીનો મહત્વપૂર્ણ નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૬

રેટિંગ એજન્સી બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલે બનાવટી ટીઆરપીને લઈને થયેલા હોબાળા વચ્ચે મોટો નિર્ણય લીધો છે. બીએઆરસીએ હાલમાં ન્યૂઝ ચેનલોના સાપ્તાહિક જાહેર થતા રેટિંગ્સ પર રોક લગાવી દીધી છે. ૧૨ અઠવાડિયા માટે તમામ ભાષાઓમાં ન્યૂઝ ચેનલોના રેટિંગ્સ પર અસ્થાયીરૂપે પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. બીએઆરસીએ જણાવ્યું છે કે ટીઆરપી ડેટાને માપવાની વર્તમાન સિસ્ટમની સમીક્ષા કરવામાં આવશે. તેમાં વધુ સુધારો કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે બનાવટી ટીઆરપીનો આ કેસ ત્યારે સામે આવ્યો જ્યારે બીએઆરસીએ હંસ રિસર્ચ ગ્રુપ દ્વારા ફરિયાદ નોંધાવી હતી કે કેટલીક ટીવી ચેનલો ટીઆરપીમાં ચેડાં કરી રહી છે. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આવા કેટલાક પરિવારોને કોઈ ખાસ ચેનલ ચલાવવા માટે લાંચ આપવામાં આવી હતી, જેમાં તેમના ઘરોમાં ટીઆરપી ડેટા એકત્રિત કરવાના ઉપકરણો લગાવાયેલા હતા.

પોલીસે આ કેસમાં ઓછામાં ઓછા પાંચ લોકોની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા લોકોમાં ન્યૂઝ ચેનલના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. આ સિવાય અર્ણબ ગોસ્વામીની આગેવાની હેઠળ રિપબ્લિક ટીવીના અધિકારીઓની પણ પોલીસ પૂછપરછ કરી રહી છે. તે જ સમયે, રિપબ્લિક ટીવીએ કોઈપણ ગેરરીતિનો ઈનકાર હતી. ગયા અઠવાડિયે, મુંબઈ પોલીસ કમિશનર (સીપી) પરમબીરસિંહે એક પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે રિપબ્લિક ટીવી, બોક્સ સિનેમા અને ફક્ત મરાઠી ચેનલોએ જાહેરાતોથી વધુ આવક મેળવવા માટે ટીઆરપીમાં ચેડા કર્યા છે. જો કે, રિપબ્લિક ટીવીએ તેમના દાવાને સંપૂર્ણપણે નકારી દીધો છે.

બીએઆરસી ભારતમાં ટીવી ચેનલો માટે દર અઠવાડિયે રેટિંગ પોઈન્ટ પ્રકાશિત કરે છે. બીએઆરસી એ મીડિયા ઉદ્યોગનું જ એક એકમ છે, જેની રચના સચોટ, વિશ્વસનીય અને સમયસર ટીવી વ્યૂઅરશિપને માપવા માટે કરાઈ છે. તે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) ના માર્ગદર્શન અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની ભલામણો હેઠળ કાર્ય કરે છે.

# નરેન્દ્ર મોદી પાસે ૩૧ હજાર રોકડા, એલઆઈસી અને એનએસસીમાં રોકાણ

### ગાંધીનગરમાં મોદીના નામે એક ઘર-સોનાની ચાર વીંટી છે, જેની કિંમત ૧.૧ કરોડ રૂપિયા છે, કોઈ ઉધારી નથી

નવી દિલ્હી, તા. ૧૫

મોટાભાગના ભારતીયોની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પોતાના રુપિયા બેંકમાં રાખે છે. તેમણે પોતાની આવકનો મોટો ભાગ ટર્મ ડિપોઝિટ અને સેવિંગ્સ એકાઉન્ટમાં જમા કર્યો છે. ૧૨



ઓક્ટોબરે પ્રધાનમંત્રીએ પોતાની મિલકતોની વિગતો રજૂ કરી છે. ૩૦ જૂન સુધીમાં વડાપ્રધાન મોદીની કુલ સંપત્તિ ૧,૭૫,૬૩,૬૧૮ રૂપિયા હતી. ૩૦ જૂનના રોજ તેમની પાસે ૩૧,૪૫૦ રૂપિયાની રોકડ રકમ હતી. ગયા વર્ષની સરખામણીએ તેમની ચલ સંપત્તિમાં ૨૬.૨૬ ટકાનો વધારો થયો છે. આ વૃદ્ધિ પાછળનું મુખ્ય કારણ તેમના પગારમાંથી બચત અને ફિક્સ્ડ ડિપોઝિટમાંથી વ્યાજના પુનઃ રોકાણનો સમાવેશ છે.

● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમસિંહ યાદવ કોરોનાથી સંક્રિમત થતાં હૉસ્પિટલમાં દાખલ કરાયા.
- તેલંગણામાં ભારે વરસાદથી વધુ નવના મોત, મૃત્યુઆંક ૨૪ પર પહોંચ્યો.
- વરિષ્ઠ પત્રકાર અને જાણીતા ક્રિકેટ કોમેન્ટેટર કિશોર ભીમાણીનું અવસાન
- બોલીવુડ અભિનેતા વિવેક ઓબેરોયના ઘર પર બેંગ્લુરુ પોલીસના દરોડા.
- લીંબડી બેઠક પર પેટાચૂંટણી માટે કોંગ્રેસે છેલ્લી ઘડીએ ચેતન ખાચરને ટિકિટ આપી.
- સી.એ. પરીક્ષા પુનઃ મુલત્વી રખાઈ, ૧૫ નવેમ્બર બાદ પરીક્ષા લેવાશે.

# સુશાંત સિંહ કેસની સીબીઆઈ તપાસ પૂર્ણ, ષડયંત્રના કોઈ પૂરાવા મળ્યા નહીં

મુંબઈ,તા.૧૫

સુશાંત સિંહ રાજપૂતના મોતને ચાર મહિના થઈ ગયા છે. સુશાંત ડેથ કેસની તપાસ સીબીઆઈ હસ્તક છે. સુશાંતના ચાહકો તથા પરિવાર ન્યાયની આશા રાખી રહ્યા છે. આ દરમિયાન મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સીબીઆઈએ તપાસ પૂરી કરી દીધી છે અને તે ટૂંક સમયમાં કોર્ટમાં પોતાનો રિપોર્ટ સબમિટ કરશે. ઉલ્લેખનીય છે કે દેશની ત્રણ ટોચની એજન્સીઓએ આ કેસની તપાસ કરી છે. નોંધનીય છે કે સુશાંત સિંહ રાજપૂત ૧૪ જૂનના રોજ મુંબઈના બાંદ્રા સ્થિત ફ્લેટમાં લટકતી હાલતમાં મળી આવ્યો હતો. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનએ પોતાની તપાસ પૂરી કરી લીધી છે અને તેને સુશાંત



કેસમાં કોઈ જ ફાઉલ પ્લેની આશંકા નથી. સીબીઆઈ ટૂંક સમયમાં ક્લોઝર રિપોર્ટ કોર્ટમાં સબમિટ કરશે. ત્યારબાદ કોર્ટ નક્કી કરશે કે આ કેસમાં હવે આગળ શું થઈ શકે. એમ્સએ હત્યાની થિયરી નકારી હતી અને કહ્યું હતું કે આ આત્મહત્યાનો કેસ છે. ત્યારબાદ આ કેસમાં સીબીઆઈને હત્યા સાથે જોડાયેલા એક પણ પુરાવા મળ્યા નહોતા, ઘરમાં કોઈએ ઝપાઝપી કરી હોય અથવા જબરજસ્તી ઘુસવાનો પ્રયાસ કર્યો હોય તેવા કોઈ પુરાવા મળ્યા નહોતા. હત્યા સાથે જોડાયેલા અન્ય પુરાવા પણ મળ્યા નહોતા. ત્યારબાદ મર્ડર થિયરી પૂરી રીતે ફેલ થઈ હતી.

બીજી બાજુ સુશાંતના બેંક ખાતાના ફોરેન્સિક ઓડિટ રિપોર્ટમાં પણ કોઈ જ શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન જોવા મળ્યું નથી. અહેવાલ પ્રમાણે, સુશાંતના તમામ બેંક ખાતામાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ૭૦ કરોડ રૂપિયાની લેવડ-દેવડ થઈ હતી, જેમાંથી

● અનુસંધાન પાના - ૭ પર

